CITY CIVIL AND SESSIONS COURT, AHMEDABAD
(CITY CIVIL COURT LEGAL SERVICES COMMITTEE)

Hardik S. Desai
Registrar & Ex *officio* Secretary
(Civil Judge & JMFC)

Room No-009, City Civil & Sessions Court Complex,
Bhadra, Ahmedabad – 380 001.
Phone : 079 – 25512051 (Ext.109)
Fax : 079 – 25512003
Email id : ccc-lsc@gujarat.gov.in

# પેરા લીગલ વોલીન્ટીયર્સની નિયુકતી માટેની જાહેરાત

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદનાં નિર્દેશાનુસાર સિટી સિવીલ કોર્ટ લિગલ સર્વિસીસ કમિટી, અમદાવાદ દ્વારા સિટી તલાટીશ્રીની કચેરીઓ, પોલીસ સ્ટેશનો, જેલ તથા સ્થાનીક સંસ્થાઓમાં કાનૂની સેવા કેન્દ્રોની સ્થાપના માટે તેમજ કાનૂની સેવા કાયક્રમોના આયોજન માટે તેમજ કાનૂની જાગૃત્તિના પ્રચારના હેતુ માટે પેરા લીગલ વોલીન્ટીયર્સ (પી.એલ.વી) ની નિયુકતી કરવાની છે. આ ઉપરાંત રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા સમાજના વિભિન્ન નબળા વર્ગોના કલ્યાણ માટે ચાલુ યોજનાઓના અમલીકરણ માટે પણ પી.એલ.વીની નિયુકતી રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા બહાર પાડવામાં આવેલ Scheme for Para-Legal Volunteers (Revised) & NALSA (Legal Services clinics in Universities, Law colleges and other Institutuons) Scheme, 2013 માં આપવામાં આવેલ દિશા-નિર્દેશો મુજબ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આપવામાં આવેલ નિર્દેશો મુજબ કરવામાં આવશે.

પેરા લીગલ વોલીન્ટીયર્સે સિટી સિવીલ કોર્ટ લિગલ સર્વિસીસ કમિટીનાં નિર્દેશો મુજબ કાર્ય કરવાનું રહેશે. પેરા લીગલ વોલીન્ટીયર્સ કાનૂની સેવા કલીનીકનું સંચાલન કરશે તથા સામાન્ય લોકો તથા કાનૂની સેવાકીય સંસ્થાઓ વચ્ચે એક કડીના સ્વરૂપે કાર્ય કરશે. પ્રત્યેક પેરા લીગલ વોલીન્ટીયર્સ ને પ્રતિ કાર્ય દિવસ માટે રૂ. ૪૦૦/- નું માનદ વેતન વાસ્તવિક કાર્ય કરેલ હોવાના આધાર ઉપર ચુકવવામાં આવશે. આ સિવાય અન્ય કોઈપણ પ્રકારનુ મહેનતાણુ કે ચુકવણુ ચુકવવામાં આવશે નહી.

(૧) **<u>શૈક્ષણીક લાયકાત :-</u>**

ઉમેદવાર સામાન્ય રીતે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડની સેકન્ડરી પરીક્ષા, કલા, વાણીજ્ય અને વિજ્ઞાનમાં અથવા સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. અરજદારને દેવનાગરી ગુજરાતી લીપીમાં ગુજરાતી લખવાની તથા વાંચવાની સારી એવી વ્યાપક જાણકારી તેમજ ક્ષમતા હોવી જોઈએ.

(૨) **<u>આવેદન પત્ર (અરજી ફોર્મ) :-</u>**

આ ભરતીના હેતુ માટે અરજદારે આ જાહેરાત સાથે આપેલ નમુના મુજબ આવેદનપત્ર (અરજી ફોર્મ) રજૂ કરવાનું રહેશે.

(3) **<u>અરજીની સાથે નીચે લખેલ આધારો પ્રસ્તુત કરવા :-</u>**

(૧) જન્મતારીખના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ.

(૨) શૈક્ષણીક લાયકાતના(છેલ્લા અભ્યાસક્રમની) પ્રમાણપત્રની પ્રમાણીત નકલ

(૩) અરજી ઉપર પાસપોર્ટ સાઈઝનો લેટેસ્ટ ફોટો લગાડેલ હોવો જોઈએ.

(૪) જાતિના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

(૪) **<u>અરજી કરવાની અંતિમ તારીખ :-</u>**

અરજી આ કચેરીમાં તા.૨૫/૧૦/૨૦૨૪ સુધીમાં વ્યક્તિગત રીતે રૂમ. નં. ૦૯, ગ્રાઉન્ડ ફ્લોર, સિટી સીવિલ કોર્ટ લિગલ સર્વિસીસ કમિટી, સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ કંપાઉન્ડ અમદાવાદ અથવા અત્રેની કચેરીનાં ઈ-મેઈલ આઈ.ડી ccc-lsc@gujarat.gov.in પર કચેરી સમય સુધીમાં મળી જવી જોઇએ, નિયત કરેલ તારીખ પછી મળેલ અરજીઓ પર કોઈ વિચારણા કરવામાં આવશે નહી. અપુરતી અરજીઓ અથવા ક્ષતિયુકત અરજીઓ ઉપર કોઈ વિચારણા કરવામાં આવશે નહી.

(૫) **પાત્રતા :-**

પી.એલ.વીની પસંદગી કરતી વખતે જો જરૂરિયાતથી વધારે અરજીઓ પ્રાપ્ત થશેતો અરજીઓનું શોર્ટલીસ્ટ કરી, ઉમેદવારોને મૌખીક ઈન્ટરવ્યુ માટે જરૂર પડશેતો જ બોલાવવામાં આવશે. પી.એલ.વી.ની પસંદગી માટે અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિમાં તથા અન્ય પછાત વર્ગના ઉમેદવારના સંબધમાં પણ સુનિશ્ચિત કરવામાં આવશે તેમજ મહિલાઓને પ્રાથમીકતા આપવામાં આવશે.

**નીચે જણાવેલ વ્યક્તિઓ પણ પી.એલ.વી બનવા માટે અરજી કરી શકે છે.**

(૧) શિક્ષક (૨) નિવૃત્ત શિક્ષક (૩) નિવૃત્ત સરકારી કર્મચારી (૪) વરિષ્ઠ નાગરીક (૫) એમ.એસ.ડબલ્યુના વિદ્યાર્થી તેમજ અધ્યાપક (૬) આંગણવાડીના કાર્યકર્તા (૭) ડોકટર/ફીઝીશીયન (૮) વિદ્યાથી તેમજ કાયદાના વિદ્યાર્થી (જયાં સુધી તેઓ વકીલાત માટે એનરોલ ન થાય ત્યા સુધી) (૯) સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ એન.જી.ઓ અથવા કલબના સભ્યો (૧૦) મહિલાગ્રુપ/મૈત્રીસંગમ/સ્વયં સહાયતા સમૂલના સભ્યો (૧૧)શિક્ષીત કેદી કે જેઓ સારો વ્યવહાર હોય અને લાંબા સમયથી સજા ભોગવતો હોય (૧૨) અન્ય કોઈ વ્યકિત કે જેને સિટી સિવીલ કોર્ટ લિગલ સર્વિસીસ કમિટી, અમદાવાદ સક્ષમ અને યોગ્ય સમજે.

(૬) **પસંદગી પામેલ પી.એલ.વીની ફરજો (ડયુટી) :-**

(૧) સમાજના નબળા વર્ગના લોકોને તેઓના કાનૂની અધિકારથી જાણકાર કરવા.

(૨) સામાન્ય નાગરીકોને તેઓના કોર્ટનાં કેસો અંગે વૈકલ્પીક તકરાર નિવારણ માધ્યમો જેવા કે લોક અદાલત, મધ્યસ્થીકરણ, લવાદ, કન્સીલીએશન, ન્યાયીક સમાધાન બાબતે જાણકારી આપવી.

(૩) પી.એલ.વી એ તેઓના ક્ષેત્રમાં થતા કાર્યો ઉપર નજર રાખવી તેમજ અન્યાય થતો હોવાની સ્થિતીમાં, સિટી સિવીલ કોર્ટ લિગલ સર્વિસીસ કમિટીને લેખિત કે મૌખીકમાં જાણ કરવી.

(૪) સિટી સિવીલ કોર્ટ કાનુની સેવા સમિતી દ્વારા અધિકૃત્ત કર્યેથી પી.એલ.વી એ જેલ, લોક-અપ, મનો ચિકિત્સક, ચિલ્ડ્રન હોમ/ઓબ્ઝર્વેશન હોમ વિગેરેની મુલાકાત લેવાની રહેશે તેમજ તેમા રહેલ ઈન્મેટ્સને કાનુની અધિકારથી વાકેફ કરવાના રહેશે.

(૫) બાળકોના અધિકારો, બાળ મજુરી, બાળકોનું ગુમ થવુ, સ્ત્રીઓના ગેરકાયદેસર રીતે થતા વ્યાપાર સંબધેના કાનૂનોનું ઉલ્લઘંન થાય ત્યારે તે અંગેની માહિતી નજીકની કાનૂની સેવા સંસ્થાને આપવી.

(૬) વિવાદોનું નિરાકણ, પ્રિ–લીટીગેશન, લોક–અદાલત, મધ્યસ્થીકરણ, મીડીએશન અંગે માહિતી આપવી તેમજ કાનૂની જાગૃત્તિ કાર્યક્રમો તેમજ શિબીરો કરવી.

(૭) પી.એલ.વી એ સિટી સિવીલ કોર્ટ કાનુની સેવા સમિતી દ્વારા આપવામાં આવતી મફત કાનૂની સહાયની જાણકારી તેમના ક્ષેત્રનાં લોકોને આપવી તેમજ જાગૃત્તિ કાર્યક્રમો તેમજ શિબીરો કરવી.

(૮) સિટી સિવીલ કોર્ટ કાનુની સેવા સમિતી દ્વારા વિભિન્ન યોજનાઓ સંબધે જે જે પેમ્ફલેટ તેમજ ચોપાનીયા વિગેરે પી.એલ.વી ને આપવામાં આવશે તેનો પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે.

(૯) હાયર ઓથોરીટી તરફથી જે સુચના મળે તે તમામ કામગીરી કરવાની રહેશે.

**નોંધ :- નિમ્નલિખિત વ્યક્તિઓ પેરા લીગલ વોલીન્ટીયર્સ તરીકે અરજી કરવાપાત્ર થતા નથી:**

વકીલ, રાજકીય સંગઠનો સાથે સક્રિયરૂપે જોડાયેલ વ્યક્તિ, રાજકીય સંગઠનો સાથે જોડાયેલ એન.જી.ઓ ના કાર્યકર્તા, કોઈપણ ગુન્હા માટે દોષિત થયેલ વ્યક્તિ અથવા એવો કોઈપણ વ્યક્તિ કે જે માનસિક રીતે પેરા લીગલ વોલીન્ટીયર્સ તરીકે કામ કરવા અસક્ષમ હોય.

કોઈ પણ વ્યક્તિ કે જેના વ્યક્તિગત હિત પેરા લીગલ વોલીન્ટીયર્સ સ્કીમના હિતોને કોઈપણ રીતે પ્રભાવીત કરતા હોય.

પી.એલ.વી ની નિમણુંક તથા હકાલપટ્ટીના સંબધીત સંપુર્ણ અધિકાર અધ્યક્ષ શ્રી, સિટી સિવીલ કોર્ટ કાનુની સેવા સમિતી ની પાસે સુરક્ષીત રહેશે. તેમજ નિમણુંક (નહી કરવાના/ન થવાના કોઈ કારણો કે ખુલાસો આપવામાં આવશે નહી.)

**સ્પષ્ટીકરણ :-**

પસંદગી પામેલ પી.એલ.વી ને સિટી સિવીલ કોર્ટ કાનુની સેવા સમિતી, અમદાવાદ દ્વારા સમયે સમયે નિયત(ફિક્સ) માનદ વેતનના સિવાય અન્ય કોઈપણ પ્રકારનું કોઈ વેતન, મહેનતાણું અથવા પેકેજ આપવામાં આવશે નહી.

સ્થળ: અમદાવાદ

તા. 3/૧૦/૨૦૨૪

Hardik
HS

હાર્દિક એસ. દેસાઈ,
સેક્રેટરી,
સિટી સિવીલ કોર્ટ કાનુની સેવા સમિટી,
અમદાવાદ.